# રેપોરેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

મુંબઈ,તા. ૧૫

ઉદ્યોગજગતની લાંબા સમયની માંગ અને કેન્દ્રમાં મોદી સરકારના દબાણ બાદ આખરે આરબીઆઈએ આજે રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ લોન સસ્તી થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આરબીઆઈના પગલાથી રેપો રેટ હવે આઠ ટકાથી ઘટીને ૭.૭૫ ટકા થઈ જશે. જો કે આરબીઆઈએ કેશ રિઝર્વ રેશિયો એટલે કે સીઆરઆરમાં કોઈ ફેરફાર નહી કરવાનો નિર્ણય કર્યો છે. સીઆરઆર હાલ યથાવતરીતે ૪.૪ ટકાના દરે જ રહેશે. ગ્લોબલ માર્કેટમાં જુનથી થયેલા ૬૦ ટકાના ઘટાડા અને ખાદ્ય ચીજ વસ્તુઓની કિંમતો સ્થિર રહેવાથી છેલ્લો કેટલાક દિવસથી રેપો રેટમાં કાપ મુકવાની માંગ કરવામાં આવી રહી હતી. આરબીઆઈના આ પગલા બાદ બેંકો દ્વારા પોતાના લોનના દરમાં ઘટાડો કરવામાં આવે તેવી શક્યતા છે. જેથી ઈએમઆઈમાં ઘટાડો થઈ શકે છે. જેથી હોમ લોનના રેટ પણ ઘટી શકે છે. બુધવારના દિવસે ડિસેમ્બર માટે હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ આંકડો જારી કરવામાં આવ્યો હતો. જેમાં અર્થશાસ્ત્રીઓ દ્વારા ૦.૬ ટકાની આગાહીની સરખામણીમાં વાર્ષિક આધાર પર ૦.૧૧ ટકાનો વધારો થયો હતો. નવેમ્બરમાં હોલેસેલ પ્રાઈસ યથાવતરીતે રહી હતી. આરબીઆઈ દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે ક્રુડની કિંમતમાં ઘટાડા, નબળી માંગ અને અપેક્ષા કરતા ફુગાવામાં વધુ ઘટાડાના કારણે નિર્ણય કરવામાં આવ્યો છે. ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટને વળગી રહેવાની સરકારની કટિબદ્ધતા પણ આના માટે કારણરૂપ છે. એક આશ્ચર્યજનક ઘટનાક્રમના ભાગરુપે આરબીઆઈએ બેંચમાર્ક વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવાની આજે જાહેરાત કરી હતી. ત્રીજી ફેબ્રુઆરીના દિવસે પોલિસી સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા જ ૨૫ બેઝિક પોઈન્ટનો આજે ઘટાડો કર્યો હતો. ડિપોઝિટ રેટમાં મંદી બાદ તેમાં સુધારો થાય તેવી શક્યતા છે. કેટલીક બેંકોએ છેલ્લા વર્ષમાં તેમના બેંચમાર્ક બેઝ રેટમાં કોઈ સુધારો કર્યો ન હતો પરંતુ હવે બેઝ રેટમાં સુધારો કરી શકે છે. રિવર્સ રેપોરેટ હવે ૬.૭૫ ટકા, રેપોરેટ ૭.૭૫ અને માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલીટી (એમએસએફ)ના રેટ તથા બેંક રેટ ૮.૭૫ ટકા રહેશે. મકરસક્રાંતિ, પોન્ગલ અને ઉત્તરાયણ માટેની શુભેચ્છા પાઠવતા આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજને કહ્યું હતું કે, એકંદરે કિંમતોમાં ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડમાં આંતરરાષ્ટ્રીય ઘટાડો થયો છે. કોમોડિટીની કિંમતો ઘટી છે. ફુગાવો જાન્યુઆરી ૨૦૧૫ સુધી નક્કી કરવામાં આવેલા આઠ ટકાથી નીચે પહોંચ્યો છે. રાજને નિવેદનમાં કહ્યું છે કે, ફુગાવો જાન્યુઆરી ૨૦૧૬ સુધી ૬ ટકાથી નીચે પહોંચી શકે છે. સરકાર પાસેથી છેલ્લા ફુગાવાના આંકડા દર્શાવે છે કે, સીપીઆઈ દ્વારા ગણાતા રિટેલ ફુગાવો ૫.૨ ટકા છે.




## ઓબામાની ભારત મુલાકાત પહેલા મોટા હુમલાની આતંકીઓની યોજના

નવી દિલ્હી, તા.૧૫

અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા ૨૫-૨૬ જાન્યુઆરીના રોજ ભારતની મુલાકાતપર છે ત્યાર આતંકવાદીઓ ૨૬ જાન્યુઆરી પહેલા મોટી આતંકી હુમલાની યોજના બનાવી રહ્યા છે. આ મામલે લેફ્ટનન્ટ જનરલ કે.એચ. સિંહે માહિતી આપી છે કે ગુપ્તચર સંસ્થાએ આપેલી માહિતી પ્રમાણે ઓબામાની ભારત મુલાકાત પહેલા આતંકીઓ સ્કૂલો, હાઈવે તેમજ મોટી સંખ્યામાં લોકો હોય એવી જાહેર જગ્યાઓ પર હુમલાનો પ્રયાસ કરી શકે છે.

મળતી માહિતી પ્રમાણે ઓબામાની ભારત મુલાકાત વખતે પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીરમાં ૨૦૦ જેટલા આતંકી ભારતીય સીમામાં ઘૂસણખોરી કરવાની તૈયારી કરી રહ્યા છે. શ્રીનગરમાં ડયુટી બજાવી રહેલા આર્મી અધિકારીઓના દાવા પ્રમાણે આ ઘૂસણખોરી પીર પંજાબ રેન્જ વિસ્તારથી થઈ શકે છે.

નોંધનીય છે કે ભારતના ૬૫માં ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લેવા માટે રાજકીય અતિથિ તરીકે ભાગ લેવા માટે ભારત આવી રહેલા અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામા ૨૫ જાન્યુઆરીએ ભારત આવી પહોંચશે અને ૨૭ જાન્યુઆરી સુધી ભારતમાં જ રહેશે. આ ભારતયાત્રામાં બરાક ઓબામા પત્ની મિશેલ સાથે આવવાના છે અને તેમનું સજોડે તાજમહેલ જોવા જવાનું પણ આયોજન છે.

## કિરણ બેદી ભાજપમાં જોડાયા

નવી દિલ્હી, તા. ૧૫

ફેબ્રુઆરી ૨૦૧૪થી રાષ્ટ્રપતિ શાસન હેઠળના દિલ્હી રાજયમાં દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે ૭મી ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે અને ૧૦મી ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરાશે. સોમવારે આયોજિત પત્રકાર પરિષદમાં મુખ્ય ચૂંટણી કમિશનર વી.એસ. સંપતે જણાવ્યું હતું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે સાતમી ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે. તાજેતરમાં જ ઈન્ડિયા ટુડે ગ્રુપ દ્વારા કરાવવામાં આવેલા એક સર્વેમાં જોવા મળ્યું કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં બીજેપી બાજી મારી શકે છે. સર્વે પ્રમાણે દિલ્હીમાં બીજેપી ૩૪ થી ૪૦ સીટ મેળવી શકે છે જયારે આમ આદમી પાર્ટીને ૨૫ થી ૩૧ અને કોંગ્રેસની ૩ થી ૫ સીટ મળવાનો અંદાજ છે. આજે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરસ કરી હતી અને એમાં જાહેરાત કરવામાં આવી હતી એક સમયે અણ્ણા હજારે સાથે મળીને



આંદોલન ચલાવનાર કિરણ બેદી બીજેપીમાં શામેલ થયા છે અને તેઓ ચૂંટણી પણ લડવાના છે. જો કે કિરણ બેકી કઈ બેઠક પરથી ચૂંટણી લડશે અને બીજેપીનો મુખ્યમંત્રી પદ માટેનો ઉમેદવાર કોણ હશે એની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

આ પ્રસંગે બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, 'અમને ખાતરી છે કે કિરણ બેદીના આગમનથી દિલ્હીમાં બીજેપીની સ્થિતિ વધારે મજબૂત બનશે અને અમને પણ એક સારો સાથીદાર મળી ગયો છે. કિરણ બેદીના રચનાત્મક અભિગમથી અમને ફાયદો થશે. બીજેપીનું દિલ્હી યુનિટ કિરણ બેદીના આગમનથી હર્ષની લાગણી અનુભવે છે.'

બીજેપીમાં સામેલ થવાના પ્રસંગે કિરણ બેદીએ જણાવ્યું હતું કે, 'હું આભારી છું આપણા વડાપ્રધાનની જેમણે મન આ તક આપી છે. વડાપ્રધાનના પ્રેરણાદાયક નેતૃત્વના કારણે મને બીજેપીમાં શામેલ થવાની પ્રેરણા મળી છે. મોદીજી વડાપ્રધાન બન્યા પછી નવી આશાનો નવસંચાર થયો છે. હું ૧૯૭૦થી દેશને સમર્પિત છું. મારા માટે પૈસા કે હોદ્દા કરતા વધારે મહત્વની વસ્તુ સમય છે.'

દિલ્હીની ચૂંટણી તદ્દન અલગ પ્રકારની રહેશે જે મોદીની લોકપ્રિયતાની કસોટી સમાન બની રહેશે. દિલ્હીમાં આમ આદમી પાર્ટીના નેતા કેજરીવાલની લોકપ્રિયતા અને કિલન ઈમેજ મોદી માટે સૌથી મોટો અવરોધ છે. સીએમ માટે કેજરીવાલ લોકોમાં અત્યંત લોકપ્રિય છે.

**મહિલાઓની સંખ્યામાં પણ રેકોર્ડ ગતિએ વધારો**

## દેશમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૧૫ કરોડથી વધારે

મુંબઈ,તા.૧૫

દેશમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરનારની સંખ્યામાં રેકોર્ડ ગતિએ વધારો થઈ રહ્યો છે. આગામી દિવસોમાં તેમાં વધુ વધારો થઈ શકે છે. તાજેતરમાં કરવામાં આવેલા સર્ચ એન્જીન ગૂગલના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશના ૧૫ કરોડ ઈન્ટરનેટ અભ્યાસકારોમાં આશરે ૫૦ ટકા મહિલાઓ છે. તેમાંથી આશરે ૨.૪ કરોડ મહિલાઓ ઈમેઈલ ચકાસણી, સોશિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર વાતચીત કરવા અને ઓનલાઈન શોપિંગ કરવા માટે દરરોજ કોમ્પ્યુટર લોગઓન કરે છે. ૨.૪ કરોડ મહિલાઓ દરરોજ લોગઓન કરે છે તેવી માહિતી આવ્યા બાદ એક બાબત ઊભરીને સામે આવી છે કે સોશિયલ નેટવર્કિંગ સાઈટોની બોલબાલા વધી રહી છે. ગૂગલ ઈન્ડિયાના નાયબ અધ્યક્ષ અને અધિકારી રાજન આનંદને કહ્યું છે કે ભારતમાં આશરે છ કરોડ મહિલાઓ હવે ઓનલાઈન છે અને પોતાની દરરોજની લાઈફને વધુ વ્યવસ્થિત કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ઘર, સાઈબર કાફે, ઓફિસ અને સ્માર્ટ ફોનના વધતા પ્રવાહના પરિણામ સ્વરૂપે ઈન્ટરનેટ સુધી સરળ પહોંચવાનો તરીખો બની ગયો છે. મહિલાઓ દ્વારા ઈન્ટરનેટનો ઉપયોગ જુદા જુદા કામો માટે કરવામાં આવે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ઓનલાઈન થનારી મહિલાઓ અપેક્ષાની સરખામણીમાં વધારે સમૃદ્ધ અને યુવા છે. ઓનલાઈન ગતિવિધીઓની યાદીમાં ઈમેઈલ સર્ચ અને સોશિયલ નેટવર્કિંગ છે.




હિન્દુ ધર્મમાં મકરસક્રાંતિ એ સૂર્યદેવને રીઝવવાનો તહેવાર ગણાય છે. આ દિવસે શ્રધ્ધાળુઓ ગંગા સાગરમાં ડુબકી લગાવી સૂર્યદેવતાને અર્ધ્ય સમર્પિત કરે છે. આ શ્રધ્ધાળુઓ પગપાળા ચાલીને ગંગા સાગર તટે પહોંચ્યા હતા અને સૂર્યદેવની પૂજા અર્ચના કરી હતી.

## મદન મોહન માલવીયના ભારત રત્નના કારણે માલવીય પરિવારમાં ઉભો થયેલો વિવાદ

નવી દિલ્હી, તા. ૧૫

તાજેતરમાં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના સંસ્થાપક પંડિત મદન મોહન માલવીયને ભારત રત્ન આપવાની જાહેરાત કરવામાં આવી છે. જો કે આ પુરસ્કાર કોણ ગ્રહણ કરશે એને લઈને માલવીય પરિવારમાં મોટો વિવાદ ઉભો થઈ ગયો છે. હવે આ સમગ્ર વિવાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી સુધી પહોંચ્યો છે. આ પુરસ્કાર આપવાની તારીખ હજી નક્કી નથી પણ શકય છે કે પદ્મ પુરસ્કારોના વિતરણના દિવસે જ મદન મોહન માલવીય તેમજ અટલ બિહારી વાજપેયીને પણ ભારત રત્ન એનાયત કરી દેવામાં આવે.

હાલમાં મીડીયાની નજરોમાં પૌત્ર જસ્ટિસ (રીયાટર્ડ) ગિરિધર માલવીય જ પંડિત મદન મોહન માલવીયના વંશ છે પણ હકીકત એ છે કે માલવીયના ચાર પુત્ર હતા.




માલવીયજીએ ૧૯૪૨માં પોતાના વસિયતમાં પોતાના સૌથી મોટા દીકરા રામાકાંત માલવીયજીને ઉત્તરાધિકારી જાહેર કર્યા જો કે ૧૯૪૩માં જ રામાકાંત માલવીયનું મૃત્યુ થયું જેના પગલે નવી વસિયતમાં રામાકાંતના દીકરાને શ્રીધરને ઉત્તરાધિકારી જાહેર કરી દેવામાં આવ્યો હતો.

આ સંજોગોમાં શ્રીધર માલવીયના ૯૨ વર્ષના વિધવા સરસ્વતીએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને લેટર લખીને વસિયતનામા તરફ તેમનું ધ્યાન ખેંચ્યું હતું. તેમણે પોતાના લેટરમાં લખ્યુંછે કે, 'પરિવારની સૌથી વયસ્ક જીવિત સભ્ય તેમજ માલવીયજીની વસિયતના ઉત્તરાધિકારીની વિધવા હોવાના સંબંધે મને ભારત રત્ન રાખવા વિશે હજી કોઈ જ જાણકારી આપવામાં આવી નથી.'

## જેકલીનની ૩ ફિલ્મો ૧૦૦ કરોડમાં સામેલ થઈ ગઈ છે

મુંબઈ,તા. ૧૫

કિક ફિલ્મની સફળતા બાદ જેકલીન ભારે ખુશ દેખાઈ રહી છે. કારણ કે તેની ત્રીજી ફિલ્મ હવે ૧૦૦ કરોડથી વધારેની કમાણી કરી ચુકી છે. અગાઉ તેની હાઉસફુલ-૨ અને રેસ-૨ ફિલ્મ રેકોર્ડ સફળતા મેળવી ચુકી છે. કિક બોક્સ ઓફિસ પર હજુ રેકોર્ડ સફળતા મેળવી રહી છે. તે બોક્સ ઓફિસ પર ૨૩૦ કરોડથી વધુની કમાણી કરી ચુકી છે. દીપિકા જેવી ટોચની અભિનેત્રીને સલમાન સાથે કામ કરવાની તક હજુ સુધી મળી નથી પરંતુ જેકલીનને તક મળવાની સાથે સાથે તેની જોડીને પણ



ચાહકોએ પસંદ કરી છે. સલમાન સાથે જેકલીનની જોડીની કરોડો ચાહકોએ પ્રશંસા કરી છે. મળેલી માહિતી મુજબ સલમાન પણ જેકલીનના વર્તનથી ખૂબ જ ખુશ છે. એમ માનવામાં આવે છે કે જેકલીનના કેરિયરમાં સલમાન રસ લઈ રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે આવનાર દિવસોમાં જેકલીનને વધુ સારી ફિલ્મોની ઓફર પણ થઈ શકે છે. સામાન્ય રીતે સલમાન ખાન પોતાની સાથે કામ કરનાર અભિનેત્રીઓને હમેશા મદદ કરે છે. આ વખતે સલમાનની મદદથી જેકલીન પણ આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. જેકલીનને બોલિવૂડમાં કેટલાક વર્ષ થઈ ગયા હોવા છતાં તેને કોઈ મોટી સફળતા હાથ લાગી નથી. મોટા અભિનેતાની ફિલ્મમાં પણ તે ચમકી નથી. પ્રથમ વખત તે બોલિવૂડના સુપર સ્ટાર સલમાન ખાન સાથે નજરે પડી છે. દીપિકા ઘણા સમયથી સલમાન સાથે ફિલ્મ મેળવવાના પ્રયાસમાં છે પરંતુ તેને સફળતા મળી નથી.કિક ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા બાદ જેકલીન માટે આ ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ છે જેથી તેની કેરિયરમાં નવા પ્રાણ ફૂંકાય તેમ માનવામાં આવે છે.રણબીર સાથે પણ તેની મોટી ફિલ્મ છે. કારણ કે રણબીરને યુવા પેઢી ખુબ પસંદ કરે છે. આ ફિલ્મને પણ સફળતા મળી શકે છે. કિક ફિલ્મની સફળતાથી જેકલીન હવે ટોચની અભિનેત્રીઓમાં સામેલ થઈ છે.

## પીકે ફિલ્મની કમાણી ૬૦૦ કરોડથી પણ વધારે : રિપોર્ટ

મુંબઈ,તા. ૧૫

આમીરખાનની ફિલ્મ પીકે બોક્સ ઓફિસ પર એકપછી એક રેકોર્ડ તોડી રહી છે. હેવે તેની કમાણી ૬૦૦ કરોડથી પણ વધારે થઈ ગઈ છે. આ ફિલ્મ બોલિવુડની સૌથી સફળ ફિલ્મ બની ગઈ છે. શાહરૂખ અને સલમાનની સરખામણીમાં તેની ફિલ્મો વધારે કારોબાર કરી રહી છે. જે સાબિત કરે છે કે આમીરખાન સૌથી લોકપ્રિય છે. ત્રણેય ખાન કરતા આમીરની ફિલ્મો વધારે કમાણી કરી રહી છે. ટિકિટ બારી પર પ્રભુત્વ રહ્યું છે. ભારતમાં ફિલ્મની કમાણી ૪૫૧ કરોડ સુધી પહોંચી ગઈ છે. જ્યારે વિદેશમાં ૧૫૧ કરોડનો કારોબાર કરી ચુકી છે. જેથી કુલ કમાણી ૬૦૧ કરોડ થઈ છે. આ ફિલ્મ ભારતમાં સિનેમાંમાં હજુ ચાલી રહી છે. રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત ફિલ્મ પીકે વિદુ વિનોદ ચોપડા દ્વારા બનાવવામાં આવી છે. જેમાં આમીરખાન, સંજયદત્ત અને અનુષ્કા શર્મા અને સુશાંતસિંહ રાજપુત ભૂમિકા અદા કરી છે. ફિલ્મમાંમાં આમીરખાન પીકે તરીકે છે. આ ફિલ્મનુ શુટિંગ સત્તાવારરીતે પહેલી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે શરૂ કરવામાં આવ્યું હતુ. સૌથી પહેલા ૨૬ દિવસ માટે શુટિંગ દિલ્હીમાં ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે શરૂ કરવામાં આવ્યા બાદ તેમાં તેજી આવી હતી. ફિલ્મ સાથે સંબંધિત પ્રથમ પોસ્ટર ૩૧મી જુલાઈ ૨૦૧૪ના દિવસે જારી કરવામાં આવ્યું હતુ. આમીરખાન પોસ્ટરમાં ન્યુડ રહેતા ભારે વિવાદ થયો હતો. મુંબઈ ખાતે આયોજિત કાર્યક્રમમાં ૨૦મી ઓગષ્ટ ૨૦૧૪ના દિવસે અન્ય પોસ્ટર જારી કરતા ઉત્સુકતા રહી હતી. ત્રીજા પોસ્ટરમાં સંજયદત્ત ભૈરવસિંહ તરીકે રજૂ કરાતા તેની ચર્ચા રહી હતી. ચોથા પોસ્ટરમાં આમીર અને અનુષ્કા હતા. જે પોસ્ટર ૧૬ઓક્ટોબર ૨૦૧૪ના દિવસે લોંચ કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા રહી હતી આ ફિલ્મની જરદાર રજૂઆત કરવામાં આવી રહી છે. ભારતમાં ૫૦૦૦ સ્ક્રીન અને વિદેશમાં ૮૨૦ સ્કીનમાં આ ફિલ્મ ૧૯મી ડિસેમ્બરના દિવસે રજૂ કરાઈ હતી.




ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીએ હવે વન ડેમાં અલગ જર્સીમાં જોવા મળશે અને આ નવો લુક પહેલીવાર મેલબોર્ન ગ્રાઉન્ડ પર જોવા મળશે. કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની સાથે ટીમ ઈન્ડિયાને ક્રિકેટને કિટ આપનારી કંપની 'નાઈક' એ ટીમની નવી કિટ પ્રદર્શિત કરી છે. નવા લુક પ્રમાણે ટીમ ઈન્ડિયાના ખેલાડી હવે પણ બ્લુ રંગના ડ્રેસમાં જ જોવા મળશે પણ આ બ્લુ રંગનો શેડ અલગ છે અને એની પર કેસરી રંગથી ઈન્ડિયા અને સફેદ રંગથી સ્ટાર લખ્યું છે. તેમજ સાથે લોગો પણ છે.

આ નવી જર્સી વિશે કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ કહ્યું કે આ જર્સી જુની જર્સીનું જ અપડેશન છે. આ નવા લુક માટે કંપનીએ બહુ મહેનત કરી છે અને ખેલાડીઓ પાસેથી પણ તેમની જરૂરત તેમજ મહત્વના ઈનપુટસ લીધા છે. આ જર્સી ૧૦૦ ટકા રીસાયકલ્ડ પોલીસ્ટરથી બની છે. આ જર્સી સ્ટ્રેચેબલ છે. અને પરસેવાની સારી રીતે શોષી શકે છે. આ ખુબીને કારણે ખેલાડીઓને ભારે આરામ અનુભવાય છે. નોંધનીય છે કે આ જર્સીની ડિઝાઈન કરવામાં કેપ્ટન ધોનીએ પણ ફાળો આપ્યો છે.

## સમાચાર ઝલક

- ભરૂચ જિલ્લાના હાંસોટમાં બે કોમો વચ્ચે અથડામણમાં ૨ નાં મોત, ૧ ને ઈજા. સમગ્ર જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરાઈ.
- બાવળા પોલીસે ત્રણ યુવાનોને ગુનો કબુલવા ઢોર માર માર્યો. ઠાકોર સમાજમાં રોષ.
- વડોદરામાં ગેસનો ફુગ્ગો ફાટતાં પાંચને ઈજા.
- બારડોલી હાઈવે પર કપાસ ભરેલી ટ્રક સળગી.
- દેશમાં નવા સત્રથી ૫૮ મેડીકલ કોલેજોને શરુ કરવાની મંજુરી મળી.
- મુખ્ય ચૂંટણી કમિશનરશ્રી સંપત નિવૃત્ત થશે.
- પ્રજાસત્તાક દિને દેશમાં ભારે આતંકી હુમલાની દહેશત-ગુપ્તચર તંત્ર.
- કેન્દ્રીય મંત્રી શ્રી નકવીને આચાર સંહિતાના ભંગ બદલ ૧ વર્ષની કેદ. જામીન મળ્યા.
- ઉત્તરપ્રદેશના ગંગા નદીન કિનારે સડી ગયેલી સંખ્યાબંધ લાશો મળી. કેન્દ્રીય તપાસના આદેશ.
- વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સામે અમેરિકાની કોર્ટમાં ગુજરાતના રમખાણનો કેસ કાઢી નંખાયો.
- ફ્રાંસમાં આતંકી હુમલા બાદ એક હજાર જેટલી વેબ સાઈટ હેક કરાઈ.
- પાકિસ્તાનમાં ૧૦ આતંકી સંગઠનો પર પ્રતિબંધ મુકાયો.



આજે ૧૫ જાન્યુઆરીના દિવસે ભારતીય સેનાએ પોતાનો ૬૭મો આર્મી ડે મનાવ્યો હતો. બ્રિટીશ સેનાની વિદાય પછી ભારતીય સરકાર આ ગૌરવ દિવસની ઉજવણી કરે છે. સેના દિવસની ઉજવણીના પ્રસંગે વડાપ્રધાન નરન્દ્ર મોદીએ ભારતીય સેનાને શુભેચ્છા આપી હતી. તેમણે આપણી સેનાના અદમ્ય સાહસ અને વીરતાને સલામ કર્યા છે. ભારતીય ભૂમિદળના પ્રમુખ દલબીરસિંહ સુહાગે ઈન્ડિયા ગેટ પર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી અને પરેડમાં ભાગ લીધો હતો.

## ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડની વચ્ચે આજે પ્રથમ જંગ

સિડની,તા. ૧૫

ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને આવરી લેતી કોર્લટોન વન ડે શ્રેણી આવતીકાલથી શરૂ થઈ રહી છે. આ શ્રેણીની પ્રથમ મેચમાં આવતીકાલે સિડનીમાં યજમાન ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રોમાંચક જંગ ખલાશે. લાંબા સમય બાદ ઓસ્ટ્રેલિયામાં હવે ત્રિકોણીય શ્રેણી રમાનાર છે. ભારત સામે ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ટેસ્ટ શ્રેણી ૨-૦થી જીતી લીધા બાદ ઓસ્ટ્રેલિયાની ટીમ હોટફેવરીટ દેખાઈ રહી છે. ઓસ્ટ્રેલિયા ત્રિકોણીય શ્રેણીમાં કેપ્ટન માઈકલ ક્લાર્ક વગરે મેદાનમાં ઉતરશે. જે હાલ ઈજામાંથી રિકવર થઈ રહ્યો છે. ટેસ્ટ કેપ્ટન સ્ટીવ સ્મીથના બદલે જ્યોર્જ બેલી કલાર્કની ગેરહાજરીમાં વન ડે શ્રેણીમાં ટીમનુ નેતૃત્વ કરશે. જ્યોર્જ બેલી માટે આ શ્રેણી ઉપયોગી રહી શકે છે. તે આઈસીસી વન ડે બેટિંગ રેન્કિંગમાં ટોપ ૧૦માં છે. જો તે આ મેચમાં ૫૫ રન બનાવી લેશે તો ઓસ્ટ્રેલિયા તરફથી વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી ૨૦૦૦ રન બનાવી લેવાની સિદ્ધી હાંસલ કરી લેશે. આ સિદ્ધી હાલમાં ડેવિડ બુન ધરાવે છે. ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડને આવરી લેતી ત્રિકોણીય વન ડે શ્રેણીની તૈયારીમાં ત્રણેય ટીમો સજ્જ છે. વર્લ્ડ કપ પહેલા આ અંતિમ શ્રેણી હોવાથી તમામ ત્રણેય ટીમોને તેમની તૈયારીની અંતિમ ચકાસણી કરવાની તક રહેશે. ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા ટીમ હોટ ફેવરીટ બનેલી છે. જ્યારે બીજી મેચ ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે મેલબોર્ન ખાતે રમાનાર છે. ભારત સામે તાજેતરમાં જ બોર્ડર-ગાવસ્કર શ્રેણી જીતી લીધા બાદ ઓસ્ટ્રેલિયન ટીમ વધારે સજ્જ દેખાઈ રહી છે.

ટીમના ખેલાડીઓનો જુસ્સો ખુબ ઉંચો છે. આ શ્રેણીની ફાઈનલ મેચ પર્થમાં ખાતે પહેલી ફેબ્રુઆરીના દિવસે રમાશે. તમામ ત્રણેય ટીમો શક્તિશાળી હોવાથી ક્રિકેટ ચાહકોને રોમાંચકતા જોવા મળે તેવી શક્યતા છે.મેચોને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તાજેતરના દિવસોમાં બનેલા બનાવોના કારણે સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત રાખવામાં આવી છે. વર્લ્ડ કપ ક્રિકેટને ધ્યાનમાં લઈને તમામ ત્રણેય ટીમો તૈયારીમાં વ્યસ્ત છે. આ ટીમો તમામ પ્રયોગો આ ગાળામાં કરી લે તેવી શક્યતા છે.